


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૭-૧-૨૦૨૪ બુધવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ પોષ સુદ ૭ વર્ષ : ૨૮ અંક ૧૩૪

### અયોધ્યામાં ૨૨મીએ શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને

# અમરેલીમાં શાંતિ સમિતીની બેઠક બોલાવતી પોલીસ

**અમરેલી શહેરનાં હિંદુ મુસ્લિમ આગેવાનોએ દરેક ઉત્સવ દરેક વખતની જેમ હળી મળીને ઉજવવાની પોલીસ તંત્રને ખાત્રી આપી : વિવિધ સંસ્થાઓનાં હોદેદારોની ઉપસ્થિતી**

**એસપીશ્રી હિમકરસિંહના માર્ગદર્શનમાં પોલીસ તંત્ર હરકતમાં : ડીવાયએસપીશ્રી જગદીશસિંહ ભંડારી અને અમરેલી સીટીપીઆઇ શ્રી ડી. કે. વાઘેલા દ્વારા ૨૨મી ના કાર્યક્રમ માટે તૈયારીઓ**

અમરેલી,અમરેલી શહેર પોલીસે આજે શહેરના આગેવાનોની બેઠક યોજી હતી અને ૨૨મી જાન્યુઆરીનાં કાર્યક્રમ માટે તકેદારીના પગલાઓ શરૂ કર્યા છે.

તા.૨૨ મી જાન્યુઆરીએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને આનંદથી ઉત્સવ સંપન્ન થાય તેની તકેદારી માટે એસપીશ્રી હિમસરસિંહની સુચનાથી અમરેલી ડિવીઝનનાં વિભાગીય પોલીસવડા શ્રી જગદીશસિંહ ભંડારી અને અમરેલી સીટીપીઆઈ શ્રી ડી.કે.વાઘેલાએ શહેરનાં આગેવાનોની સાથે બેઠક યોજી હતી શાંતિ સમિતીની આ બેઠકમાં શહેરનાં હિંદુ મુસ્લિમ આગેવાનો તથા વિવિધ સંસ્થાઓનાં હોદેદારોએ અમરેલી કાયમ દરેક તહેવારો શાંતિથી અને હળી મળીને ઉજવે છે તે પ્રકારે જ આ ઉત્સવ ઉજવવા માટે ખાત્રી આપી હતી.





પોલીસ તંત્રદ્વારા ૨૨મીનાં કાર્યક્રમ માટે વિવિધ જગ્યાએ બંદોબસ્ત અને તેને લગતી કામગીરીની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.



### ૨૨મીએ રામલલ્લાનો પ્રતિષ્ઠા અવસર ઉજવે છે અવધ ટાઇમ્સ

## અવધ બિરાજે છે શ્રી રામ : સોમવારે અવધ ટાઇમ્સનો ડીઝીટલ ઇસ્યું

**સોમવારે દેશ-વિદેશમાં ફેલાયેલા અવધ ટાઇમ્સના લાખો વાંચકો માટે અમરેલી અને અયોધ્યા વચ્ચે યોજાનારા કાર્યક્રમનું જય શ્રી રામ ના સંદેશા સાથે ન્યુઝ કવરેજ**

અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

આગામી તા.૨૨મી અને સોમવારે જન્મભુમી અવધમાં રામલલ્લાનો પ્રતિષ્ઠા અવસર આવી રહયો છે તેને અવધ ટાઈમ્સ પણ ઉજવશે. જયા હોય અવધ, ત્યા હોય છે શ્રી રામ. આગામી સોમવારે અવધ ટાઈમ્સનો ડીઝીટલ ઈસ્યું તૈયાર થઈ રહયો છે જેમા અમરેલીની મર્યાદા પુરૂશોત્તમ ભગવાન શ્રી રામ સાથે જોડાયેલી જાણી-અજાણી ઘટનાઓઅને

(અનુ.પાના નં.૬)

### પોલીસે કરવાનું કામ અમરેલી માર્કેટ યાર્ડે કરી લીધું

## એક કટો તલ ચોરનારને શોધી અને પ્રવેશબંધી ફરમાવતા યાર્ડના ચેરેમન શ્રી શૈલેશ સંઘાણી

**એક ભારી કપાસ અને તલની ચોરી થઇ હતી : મુળ માલીકને માલની રકમ અપાવતુ માર્કેટ યાર્ડ**



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

અમરેલી માર્કેટ યાર્ડમાં તા.૦૯/૦૧/ ૨૦૨૪ ના ના રોજ શેડ નં. ૩ માંથી કપાસની એક ભારી તથા તા.૧૧/૦૧/ ૨૦૨૪ના રોજ શેડ નં. ૧ માંથી તલ એક કટો ચોરી થતા સંસ્થાને ફરિયાદ મળતા સંસ્થા દ્વારા સમગ્ર મામલે સીસીટીવીના ફટેજના આધારે તપાસ કરતા અમરેલીના અર્જુનનગરમાં રહેતા અને મજુરી કામ કરતા વિપુલ મહાદેવભાઈ જુવાલીયાની પુછપરછ હાથ ધરતા તેણે ચોરી કર્યાનો ગુનો કબુલ કરેલ અને ચોરીના માલના વેંચાણની આવેલ રકમ રૂ઼ા.૮,૪૫૮/- સંસ્થા દ્વારા મુળ માલિકોને પરત અપાવેલ તેમજ આવા ચોરીના દુષણને ડામવા માટે સંસ્થા ચેરમેનશ્રી શૈલેષભાઈ સંઘાણી દ્વારા ચોરી કરનાર શખ્સ વિપુલ મહાદેવભાઈ જુવાલીયા, રહે. અમરેલી સામે દંડનીય કાર્યવાહીરૂપે અમરેલી મુખ્યયાર્ડ ચોગાનમાં કાયમી પ્રવેશબંધી જાહેર કરવામાં આવેલ છે તેમ એક અખબાર યાદીમાં માર્કેટયાર્ડના સેક્રેટરી તુષાર હપાણીએ જણાવેલ છે.

### વન વિભાગનાં કોઠારીયા રાઉન્ડમાં આવતા

## સોનારીયાથી ઉના રાજકોટ રોડમાં ૧૭ ટન લાકડાનો જથ્થો ઝડપાયો

**વન વિભાગની ટીમે ઝડપી લઇ કાર્યવાહી કરી**



ખાંભા,(રૂચીત મહેતા)

કોઠારીયા રાઉન્ડ ના કાર્યક્ષેત્રમાં આવતા સોનારીયા ગામના ફાટક નજીકથી ઉનાથી રાજકોટ તરફ જતો ટ્રક જીજે ૧૪ ૫૬૯૭ નંબરના વાહનની

(અનુ.પાના નં.૩)


### ત્રિપલ મર્ડરના આરોપીના ૧૪ દિવસના રીમાન્ડ માંગતી પોલીસ

## લાલાવદર હત્યાકાંડના આરોપીઓ ચાર દિવસના રિમાન્ડ ઉપર લેવાયા

**મુખ્ય સુત્રધાર કયાં છે ?, હત્યા કેવી રીતે કરી ?, પુરાવાઓને શોધવા માટે પોલીસ તંત્ર દ્વારા આરોપીઓની સઘન પુછપરછ**

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર)

લાલાવદરમાં ત્રીપલ મર્ડરના ગુનામાં ઝડપાયેલા મધ્યપ્રદેશના અલીરાજપુરનાં બબલુ ઉર્ફે પ્યારસિંહ ઉર્ફે ભોલો ભુરસિંહ વસુનીયા, મેરસિંહ તીનચીયા પારદીયા, ઈન્દ્રકિશન વસુનીયાને અમરેલી તાલુકા પોલીસે કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરી હતી કોર્ટે ચાર દિવસનાં રીમાન્ડ મંજુર કર્યા હતા.





બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૫,૬૯૦/-
(૧૦ ગ્રામ)
અમરેલી
વધુ માહિતી માટે - ૬૩૫૨૪ ૩૧૩૬૬












### શ્રી રાધે મંડપ એન્ડ ડેકોરેશન પરિવારમાં સાંજી, રૂડા મંડપરોપણ, હલ્દી રસમ, રાસોત્સવ પછી જાડેરી જાન જોડાઇ

# અમરેલીના શ્રી પોકળ અને શ્રી સોજીત્રા પરિવારમાં શુભવિવાહ સંપન્ન

**અ.સૌ. જયશ્રીબહેન તથા શ્રી પરેશભાઇ પોકળના સુપુત્ર ચિ. પિયુષના શુભવિવાહ અ.સૌ. ભાવિતાબહેન અને શ્રી નિકુલભાઇ સોજીત્રાની સુપુત્રી ચિ. શ્રેયાંશી સાથે યોજાયા**

**અમરેલીના શ્રી પોકળ પરિવારના વિશાળ સ્નેહી વર્તુળ તથા વ્યાવસાયીક મિત્રો સહિતે પધારી અને વિવાહબંધનમાં બંધાતા નવદંપતિને રૂડા આર્શિવાદ પાઠવ્યા**









અમરેલી,

અમરેલીનાં શ્રી પોકળ અને શ્રી સોજીત્રા પરિવારમાં શુભવિવાહ સંપન્ન થયા હતા. અમરેલીનાં પરેશભાઈ હરીભાઈ પોકળ રાધે મંડપ એન્ડ ડેકોરેશન પરિવારનાં ચિ. પિયુષ સાથે ચિ. શ્રેયાંશીનો લગ્નોત્સવ હર્ષભેર અને ઉમંગ ઉલ્લાસ સાથે ઉજવાયો હતો અને નવદંપતિને શુભકામના પાઠવી હતી. અમરેલીનાં રાધે મંડપ એન્ડ ડેકોરેશન પરિવારનાં પરેશભાઈ હરીભાઈ પોકળ અને અ.સૌ. જયશ્રીબેનના સુપુત્ર ચિ. પિયુષના શુભલગ્ન અમરેલી નિવાસી અ.સૌ. ભાવિતાબેન તથા નિકુલભાઈ ચીમનભાઈ સોજીત્રાની સુપુત્રી ચિ. શ્રેયાંશી સાથે ઉલ્લાસભેર યોજાયા હતા.

અમરેલીનાં અવધ હેરિટેજ વરૂડી અમરપુર ખાતે દાંડીયા રાસની રમઝટ સાથે સગા સ્નેહીઓ પરિવારજનોએ આનંદનો અવસર માણ્યો હતો. શહેરનાં ગણેશ પાર્ટી પ્લોટ ખાતે લગ્નોત્સવમાં પોકળ પરિવારનાં સગા સ્નેહીઓ, વિવિધ ક્ષેત્રના આગેવાનો, વેપારીઓ તથા પદાધિકારીઓ સહિત ઉપસ્થિત રહયા હતા અને નવદંપતિને શુભકામનાઓ પાઠવી હતી. આ લગ્નોત્સવમાં દેશ વિદેશથી સગા સ્નેહીઓ ઉપસ્થિત રહયા હતા અને પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

---

### આજે હાઇબ્રિડ મોડમાં ફિશરીઝ અને એક્વાકલ્ચર ઇન્સ્યોરન્સ પરની રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે

## કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલા નવી દિલ્હીમાં લાભાર્થીઓને જૂથ અકસ્માત વીમા યોજના (GAIS)ના ચેકનું પણ વિતરણ કરશે

**વીમા ક્ષેત્રના તમામ હિતધારકોને વીમા યોજનાઓની પહોંચ વધારવા માટેના માર્ગો પર વિચારણા કરવા અને ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ અપાશે**

નવી દિલ્હી, (પીઆઈબી)મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા ૧૭મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના PUSA ખાતે હાઈબ્રિડ મોડમાં મત્સ્યઉદ્યોગ અને એક્વાકલ્ચર ઈન્સ્યોરન્સ પર રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરશે. કેન્દ્રીય મંત્રી ઓળખાયેલા લાભાર્થીઓને જૂથ અકસ્માત વીમા યોજના ના ચેકનું પણ વિતરણ કરશે. આ પ્રસંગે રાજ્યમંત્રી ડો. સંજીવ કે. બાલ્યાન, રાજ્યમંત્રી ડો. એલ મુરુગન અને સચિવ, ડો. અભિલાક્ષ લખી પણ ઉપસ્થિત રહેશે. કોન્ફરન્સનો ઉદ્દેશ્ય વીમા ક્ષેત્રના તમામ હિસ્સેદારોને વીમા યોજનાઓ અને માછીમારો અને માછલી ખેડૂતોને તેના લાભો, વીમા ઉત્પાદન ઓફરિંગ અને પ્રોત્સાહનો વગેરે પર નવીનતાઓને પ્રોત્સાહન આપવા માટેના માર્ગો અંગે વિચારણા અને ચર્ચા કરવા માટે એક મંચ પ્રદાન કરવાનો છે.

---

### આગામી તા. ૨૨ મી જાન્યુઆરીના રોજ

## સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાના વતન ચરખડીયા ગામે ધુમાડા બંધ જમણવાર સહ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

**ગામમાં સમગ્ર દિવસ દરમ્યાન સાફ સફાઈ, રામ ધુન, મહાઆરતી, શોભાયાત્રા અને હનુમાન ચાલીસાના પાઠ યોજાશે**



અમરેલી, આગામી તા. ૨૨મી જાન્યુઆરીના રોજ રામ જન્મભુમિ અયોધ્યા ખાતે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્ભાઈ મોદી અને પુજય સંતો-મહંતો અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે, ત્યારે અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાની આગેવાનીમાં તેમના વતન ચરખડીયા, તા. સાવરકુંડલા ખાતે પણ ધુમાડા બંધ જમણવાર સહ વિવિધ કાર્યક્રમો યોજાશે. આ તકે સાંસદશ્રીએ જણાવેલ છે કે, શ્રધ્ધાળુઓની વર્ષો જુની આસ્થા ૨૨ જાન્યુઆરીના રોજ પરીપૂર્ણ થવા જઈ રહી છે ત્યારે તેઓના ગામ ચરખડીયા મુકામે સવારે સમસ્ત ગામ પરીવાર દ્વારા રામજી મંદિર તેમજ આખા ગામની સાફ સફાઈ કરવામાં આવશે. તેમજ પ્રભુ શ્રી રામજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તથા આખો દિવસ રામ ધુન રાખવામાં આવેલ છે. તેમજ અયોધ્યા પ્રમાણે બપોરે ૧૨:૨૮ કલાકે પ્રભુ શ્રી રામને છપ્પન ભોગ અર્પણ કરી ૧૦૮ દિવડાની મહાઆરતી કરવામાં આવશે અને રાત્રે ધુમાડા બંધ જમણવાર બાદ હનુમાન ચાલીસાના પાઠ તેમજ અયોધ્યા ખાતેના વિવિધ કાર્યક્રમોનું સમગ્ર દિવસ દરમ્યાન જીવંત પ્રસારણનું પણ આયોજન કરવામાં આવેલ છે. ત્યારે અમરેલી સંસદીય વિસ્તારના તમામ ગામ, શહેર અને મહોલ્લામાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય તે માટે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ સર્વ ધર્મપ્રેમી લોકોને અપીલ સહ અનુરોધ કરેલ છે.

---

### અયોધ્યામાં ૨૨મીએ શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અનુલક્ષીને

## જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ૨૨મીનાં ઉત્સવ માટે શિક્ષકોને જવાબદારી

**જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઇ સુતરીયાએ કરેલા આદેશ મુજબ અમરેલી જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારીએ શાળાઓમાં પરિપત્રો આપી જવાબદારી સોંપી**

અમરેલી,

૨૨ જાન્યુઆરીના રોજ અમરેલી જિલ્લાની દરેક ગ્રામીણ પ્રાથમિક શાળાઓમાં સફાઈ તથા દિપ પ્રાગ્ટય કરવા અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ પરિપત્ર બહાર પાડી આદેશ કર્યો છે.

અયોધ્યામાં ૨૨મીએ શ્રીરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લાની દરેક પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે સંપર્ક કરી દરેક ગામના દરેક ઘરોમાં સફાઈ તેમજ દિપ પ્રાગટય અને રંગોળી કાર્યક્રમો યોજવા અને કાર્યક્રમના ફોટોગ્રાફ જિલ્લા શિક્ષણ અધિકારીને પહોંચતા કરવા જિલ્લા શિક્ષણ અધિકારીએ પરિપત્ર બહાર પાડી આદેશ કર્યો છે.

અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયાએ પણ જિલ્લા શિક્ષણ અધિકારીને આદેશ કરતા જિલ્લા શિક્ષણ અધિકારીએ આ પરિપત્ર બહાર પાડયાનું જણાવ્યું છે.

---

## ભાલકામાં પતંગ મહોત્સવ યોજાયો

ગીર સોમનાથ, ભાલકા કૃષ્ણ ભગવાન ના મંદિર પરીષર માં મકરસંક્રાતિ ના દિવસે ભવ્ય પતંગ મહોત્સવ યોજાયેલ હતો તેમાં ભાલકા, તાલાલા નાકા, ભીડીયા, સોમનાથ, વેરાવળ તમજ આજુ બાજુ વિસ્તારના પરીવારો તેમજ મોટી સંખ્યા માં દેશ વિદેશ થી આવેલા યાત્રીકો ઉમટી પડેલ હતા રંગબેરંગી પતંગો થી આકાશ ભરાઈ ગયેલ હતું. ભાલકા મંદિરેના પરીષર માં શ્રી સોમનાથ ટ્રસ્ટ ના સહકાર થી ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ દીપક કકકડ તેમજ આગેવાનો દ્વારા ભવ્ય પતંગ મહોત્સવનું આયોજન થયેલ હતું આ પતંગ મહોત્સવ માં સોમનાથ ટ્રસ્ટ ના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા અધિકારીઓ અજય દુબે, સુરૂભા જાડેજા, જીતુપુરી ગાસ્વામી, વિકૂમ ચાવડા, જીલ્લા પચાયત શિક્ષણ સમીતી ના ચેરમેન વિકૂમભાઈ પટાટ, હાડી સમાજ અધ્યક્ષ અમૃતાબેન અખીયા, ઉદ્યોગપતિ ધનસુખ પીઠડ તેમજ લંડન થી ભાગવત કથાકાર પીયુષભાઈ મહેતા તેની સાથે અભય મહેતા સહીત ગીર સોમનાથ જીલ્લા ના અનેક આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ
મકરસંક્રાંતની મજા અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો. ૯૦૩૩૨ ૬૦૦૫૨

ભાડે આપવાનો છે
બગસરામાં SBI બેંક પાસે નવા બાંધકામવાળો હોલ ભાડે આપવાનો છે
બેંક, મંડળી, હોસ્પિટલ, ગેસ્ટહાઉસ, હોટલ તેમજ રેસ્ટોરન્ટ થઇ શકે તેવો હોલ ભાડે આપવાનો છે
હોલની જગ્યા સ્કવેર ફીટ માપ
ગ્રાઉન્ડ ફલોર - ૨૦૦૦ સ્કવેર ફીટ
ફર્સ્ટ ફલોર - ૩૩૫૦ સ્કવેર ફીટ
નોંધ : પાણી અને પાર્કિંગની સુવિધા સાથે
સંપર્ક : મો. ૯૨૬૫૨ ૯૫૪૮૧

મહાદેવ ટ્રાવેલ્સ
ધારી, સાવરકુંડલા, અમરેલી થી મુંબઇ ડેઇલી સર્વિસ
AC 2 x 1 તેમજ નોન AC સર્વિસ ન્યુ બ્રાન્ડ બસ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
અમરેલી : જુના માર્કેટયાર્ડની અંદર, લાપીનોઝ પીઝાની બાજુમાં
પિન્ટુ તળાવીયા : મો. ૭૦૪૬૪ ૬૪૪૧૦


## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત રોકડીયાપરા પ્રાથમિક શાળામાં

# અમરેલીની સરકારી શાળાઓમાં બાળકોને ટેબલેટ વિતરણ કરાયાં

**કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ શ્રીબીપીનભાઈ લીંબાણી,ગુજરાત પ્રદેશ યુવા ભાજપના શ્રી મનીષભાઈ સંઘાણી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી તુષાર જોશી,શહેર ભાજપ પ્રમુખ શ્રી ભાવેશભાઈ સોઢાની ઉપસ્થિતિ**

**નગર શિક્ષણ સમિતી સંચાલિત શાળાઓમાં ટેબલેટ વિતરણ થતા બાળકોમાં ખુશી વ્યાપી : નગર શિક્ષણની તમામ શાળાઓમાં વ્યવસ્થા કરાઇ : શાળાઓમાં આધુનિક સ્માર્ટરૂમ સહિતની જરૂરી તમામ ડીજીટલ વ્યવસ્થા**





અમરેલી,

અમરેલી શહેરમાં કાર્યરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત કાર્યરત પ્રાથમિક શાળાઓ પૈકી રોકડિયાપરા પ્રાથમિકશાળા સ્કૂલ ઓફ એક્સેલન્સમાં પસંદ થયેલ હોય,આ બંને શાળામાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ડીઝીટલ માધ્યમથી બાળકો પણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી આધુનિક સ્માર્ટ ડીજીટલ બોર્ડ સરકારશ્રી દ્વારા આપવામાં આવ્યા હોય.જેનું અનાવરણ ઈફકોના ચેરમેન માન.શ્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાંઆવ્યુ,તેમજ વિદ્યાર્થીઓને સ્માર્ટ ડીજીટલ અભ્યાસમાં મદદરૂપ થાય એ માટે છૈંખના સહયોગ થી ધો.૭ના વિદ્યાર્થીઓનો ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો,જેમાં નગર પાલિકા ના પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી,પ્રદેશ યુવા મોરચા ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી,જિલ્લા ખરીદ વેચાણ સંઘના જયંતીભાઈ પાનસુરીયા,શહેર ભાજપ પ્રમુખશ્રી ભાવેશભાઈ સોઢા,તાલુકા ભાજપના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ત્રાપસીયા ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી તુષારભાઈ જોષી,નગર શિક્ષણ સમિતિ ના વાઈસ ચેરમેન શ્રી દામજીભાઈ ગોલ, શાસનાધિકારી શ્રી એ. એચ. જોષી,દંડક શ્રી દિલાભાઈ વાળા,શાસક પક્ષ નેતા ના પ્રતિનિધિ શ્રી વિશાલભાઈ ઠાકર, સમિતિના સભ્યશ્રી રસિકભાઈ પાથર, સભ્યશ્રી અશ્વિનભાઈ કાનાણી,AIFનાં પ્રતિનિધિશ્રી રવિભાઈ ,આચાર્ય, શિક્ષકશ્રીઓ, વાલીગણ, એસ.એમ.સી સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીની યાદી જણાવે છે.

# રાજુલાના માંડણ ગામે સહાય કાર્યક્રમ યોજાયો

**અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઇ સુતરીયા, કલેકટરશ્રી દહિયાની ઉપસ્થિતિ**



રાજુલા,

રાજુલા તાલુકા ના માંડળ ગામે કાર્યક્રમ ના અધ્યક્ષ શ્રી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા અને અતિથિ વિશેષ કલેક્ટર અજય દહિયાની ઉપસ્થિત માં આજરોજ તારીખ ૧૫/૦૧/૨૦૨૪ ના રોજ રાજુલા તાલુકા ના માંડળ અને મોરંગી ગામ ના સિદી આદિજાતિ ની વસ્તી ના લાભાર્થીઓ ને સરકારશ્રી ની તમામ સહાય તેઓને મળે અને તેઓ નું જીવનધોરણ ઉંચુ આવે તે હેતુ થી યોજાયેલ. મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ને કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવેલ. મહેમાનો ને આવકારવા માટે સિદી સમુદાય ના યુવકો તેમના પરંપરાગત પહેરવેશ માં આવેલ હતા. શાળા ના બાળકો દ્વારા સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને કલેકટર સાહેબ દ્વારા "સ- વછશસ્છશ યોજના વિષે માહિતી આપવામાં આવેલ. લાભાર્થીઓ ને સ્ટેજ પર થી વિવિધ યોજના ના લાભ અધિકારીઓ અને પદાધિકારીઓ ના હસ્તે આપવામાં આવેલ. વિવિધ યોજનાઓ ના સ્ટોલ જેમકે ઈફસ ઘીર્સજાર્ચિૌંહ, આરોગ્ય વિષયક લાભોૌં,ભઘજી, મિશન મંગલમ વગેરે રાખવામાં આવેલ. સિદી સમુદાય દ્વારા તેઓનું પરંપરાગત નૃત્ય ધમાલ નૃત્ય ની રજૂ કરવામાં આવેલ. માનનીય પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરા દ્વારા આવેલ મહેમાનો નું સ્વાગત કરવામાં આવેલ. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું લાઈવ પ્રસારણ દ્વારા ઉદબોધન નો લાભ પણ આપવામાં આવેલ.

# રાજુલા બ્રહ્મ સમાજની મહિલાઓએ રાસ ગરબામાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું

**જિલ્લાકક્ષાએ સ્થાન મેળવી હવે મહિલાઓ રાજ્યકક્ષાએ ભાગ લેશે**

રાજુલા,(કનુભાઈ વરૂ)

ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભમાં રાજુલા બ્રહ્મ સમાજ મહિલા મંડળની બહેનોએ રાસ ગરબા ભાગ લીધો હતો જેમાં જિલ્લા કક્ષાએ અમરેલી પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને પ્રથમ સ્થાન મેળવી સૌરાષ્ટ્ર ઝોનની સ્પર્ધામાં આગામી સમયમાં ભાગ લેશે આ ભવ્ય પ્રસિદ્ધિથી બ્રહ્મ સમાજના આગેવાનોએ તેને વધાવ્યા હતા.. આ સ્પર્ધામાં જાગુબેન તેરિયા વંદનાબેન મહેતા અર્ચનાબેન જોશી કોકીલાબેન જોષી સહિતના બ્રહ્મ સમાજની બહેનો જોડાઈ હતી



**ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપતા પૂર્વેની જાહેર નોટીસ**

મોજે ગામ અમરેલી તાલુકો, જીલ્લો અમરેલીના રેવન્યુ સર્વે નં.૩૦૯/૯/પી ૫ માંહેની ૯૦૦ ચો.મી. જમીન શ્રી વિજયકુમાર કાળુભાઇ કાછડીયા, શ્રી ભાવિનભાઇ જીતેન્દ્રભાઇ સોજીત્રા, શ્રી વનરાજભાઇ કનુભાઇ પટેલે, પોતાની સ્વતંત્ર કબ્જા માલીકી ભોગવટાનું હોવાનું જણાવી, અમારા અસીલ સાથે ધારાસર રજીસ્ટર્ડ ભાડાખત નં.૫૧૪૯ તા.૨૭/૯/૨૦૨૩ ના રોજ કરેલ છે.

ઉપરોકત જણાવેલ જમીન પરત્વે કોઇનો કોઇ પ્રકારે હક્ક, દાવો, વાંધા, તકરાર, ચાર્જ, બોજો, લીયન વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં અમોને લેખીત આધાર પુરાવાઓ સાથે જાણ કરવી. જો નિયત મુદતમાં તેમ નહી કરવામાં આવે તો સદરહું જમીન પરત્વે કોઇનો કોઇ પ્રકારે હક્ક, દાવો, વાંધા તકરાર વિગેરે નથી અગર જો હોય તો તે જતા (Waive) કરેલ છે તેમ માની આગળની યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તે બાબતે પછીથી કોઇના વાંધા તકરાર માન્ય રહેશે નહી તેની સ્પષ્ટ નોંધ લેવી.

ભાવનગર.
તારીખ : ૦૯/૦૧/૨૦૨૪
ઓફિસ :-
૩૦૪, રોયલ કોમ્પ્લેક્ષ, હજુરપાયગા રોડ, હાઇકોર્ટ રોડ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

**મયંક એસ. ભટ્ટ**
એડવોકેટ
તે અમારા અસીલની સૂચના અનુસાર

VIVEK

### પહેલા પાનાનું.
## લાકડાનો જથ્થો

તપાસ કરતા ગેરકાયદેસર રીતે અંદાજીત ૧૭ ટન લાકડા ગેરકાયદેસર રીતે વાહતુક કરતા હોવાનો ગુન્હો પકડી પાડી આરોપી ઓસમાણ હબીબ કચરા ની પુછતાછ કરતાં કોઈ પણ જાતની પરવાનગી ન મળતાં કોઠારીયા રાઉન્ડ ગુન્હા નં:- ૧૫/૨૦૨૩-૨૪ તારીખ ૧૩/૦૧/૨૦૨૪ થી ગુન્હો નોંધી એ.રી.પેટે રૂપિયા ૧૦૦૦૦/ વસુલ કર્યા

## અમરેલીનાં વરૂડીમાં ગામના રીયલ હીરો જેવા સૌના લાડલા

# સ્વ. પિયુષભાઇ રાણવાના પરિવારને સાંત્વના પાઠવતા કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા

**પુર્વ ધારાસભ્ય સ્વ. મગનભાઇ રાણવાના પરિવારમાં ઉપરા ઉપર બે આઘાતજનક બનાવોથી શોક વ્યક્ત કરતા શ્રી રૂપાલા**



અમરેલી,(ડેસ્કરિપોર્ટર)

અમરેલીનાં વરૂડીમાં ગામના રીયલ હીરો જેવા સૌના લાડલા સ્વ. પિયુષભાઈ રાણવાના પરિવારને સાંત્વના ભારત સરકારના કેબીનેટ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ સાંત્વના પાઠવી હતી.

પંદર દિવસ પહેલા જ સ્વ. પિયુષભાઈના નાના ભાઈનું નિધન થયું હતુ અને ત્યાર બાદ પિયુષભાઈએ પણ અણધારી વિદાય લેતા પુર્વ ધારાસભ્ય સ્વ. મગનભાઈ રાણવાના પરિવારમાં ઉપરા ઉપર બે આઘાતજનક બનાવોથી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ શોકવ્યકત કર્યો હતો અને શ્રી રાણવા પરિવારને સાંત્વના પાઠવી હતી.

## ભગવાન શ્રી રામના અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવનો થનગનાટ સાવરકુંડલા લીલીયામાં

# સાવરકુંડલા અને લીલીયાના તમામ ગામડાઓમાં ભાજપ દ્વારા મંદિરોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરશે

**ધારાસભ્ય શ્રી મહેશ કસવાળા દ્વારા ભગવાન રામલલ્લાને સત્કારવાનો અનેરો ઉત્સાહ**



સાવરકુંડલા,

અયોધ્યામાં ભગવાન શ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને મંદિરોમાં સ્વચ્છતા અભિયાન થાય તે માટે સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના તમામ ગામોમાં સતત બે દિવસ સુધી નાના મોટા તમામ મંદિરોમાં સ્વચ્છતા અભિયાન થાય તેવા અભિગમ સાથે સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાળા દ્વારા ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ સાવરકુંડલા અને લીલીયા ના તમામ ગામડાઓના મંદિરોમાં સ્વચ્છતા મિશન શરૂ કરવાના અભિગમથી સાવરકુંડલા અને લીલીયાના જિલ્લા પંચાયતના સદ્દસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, તમામ મંડળો ના પ્રમુખો અને કાર્યકર્તાઓ દ્વારા સ્થાનિકોને સંગાથે રાખીને મંદિરોમાં સ્વચ્છતાને પ્રાથમિકતા સાથે આયોધ્યામાં ભગવાન રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવને સત્કારવા દરેક મંદિરો સ્વચ્છ થાય તેવા અભિગમ સાથે ધારાસભ્ય મહેશ કસવાળા સહિતના ભાજપના કાર્યકર્તાઓ મંદિરોની સફાઈ કરશે તેમ સત્વ અટલધારા કાર્યાલયની અખબારી યાદીમાં જણાવ્યું છે

**માધુપુર ગ્રામ પંચાયત તા.ધારી, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી તમામ રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવાનું કે માધુપુર ગામ ખાતેનાં જુના ઉભા જર્જરીત સભાગૃહનાં ઇમલાની જાહેર હરરાજી તારીખ : ૧૭-૧-૨૦૨૪ ને બુધવારના રોજ રાખેલ હોય તો રસ ધરાવતા ઇસમોએ સવારે ૧૧:૩૦ કલાકે માધુપુર ગ્રામ પંચાયત ઓફીસે ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ ડિપોઝીટ પેટે રૂા.૨૦૦૦/- ભરવાના રહેશે. અને ડિપોઝીટ ભરનાર વ્યક્તિ જ હરરાજીમાં ભાગ લઇ શકશે. હરરાજીની અન્ય શરતો સ્થળ પર હરરાજીના દિવસે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રીશ્રી
માધુપુર ગ્રામ પંચાયત, તા.ધારી

સરપંચશ્રી
માધુપુર ગ્રામ પંચાયત, તા.ધારી




**સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
**મિથ્સ હોલીડેઝ**
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

**મકરસંક્રાંતના તહેવારોમાં વાનગીઓ બનશે ચકાચક...**




**સોમનાથ બેસનનું નવુ નજરાણુ**
''સોમનાથ બ્રાન્ડ બેસન''
વણેલા ગાંઠીયા, ફાફડા
તેમજ ખમણ માટે સ્પેશ્યલ
તેમજ અમૂલ બેસન
મારૂતિ બેસન
અવધ સ્પે. કરકરો
અમૂલ સ્પે.કરકરો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અમુલ બેસન તેમજ અમુલ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ કિલો પેકીંગમાં ઉપલબ્ધ
**સોમનાથ બેસન ઇન્ડસ્ટ્રીઝ**
પ્લોટ નં.૮૨-૧, જી.આઇ.ડી.સી. અમરેલી
ફોન : ૨૪૦૧૧૧ / ૨૪૦૪૧૧ મો.૯૮૨૪૨ ૩૦૫૧૫



AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૬-૧-૨૦૨૪ મંગળવાર

# આખો દેશ હવે રામમય બની ગયો છે... બાવીસમી જાન્યુઆરીની ભારે ઉત્કંઠા...!

હમણાંથી દેશમાં મનની વાતનું મહત્ત્વ વધી ગયું છે. જનતાના મનની વાત પરિવારના મનની વાત, નેતાઓના મનની વાત, સરકારના મનની વાત અને વિપક્ષના મનની વાતોની ભેળસેળ થઈ રહી છે, અને તેને ચટાકેદાર ભેળ-પૂરીની જેમ વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તૂત કરવામાં આવી રહી છે, તે પ્રકારનું તારણ કાઢતા વિવેચકો અને વિશ્લેષકોના મનની વાત પણ કદાચ ગૂઢ અને દૂરગામી જ હશે....

આજકાલ વિવિધ માધ્યમોમાં રાજનેતાઓને જનતાના મનની વાત કરતા જોવા મળે છે, જ્યારે વિશ્લેષકો રાજનેતાના મનની વાતો ઉજાગર કરતા સંભળાય છે. રેડિયોના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ રેડિયો કરતાંયે વધુ ઈલેક્ટ્રોનિક મીડિયા તથા સોશ્યલ મીડિયા મારફત સર્વત્ર ફેલાઈ જાય છે અને પ્રિન્ટ મીડિયામાં પણ વિસ્તૃત રીતે છપાય છે.

ગઈકાલે નગરથી નેશન સુધી કેટલાક ઘટનાક્રમો વિવિધ માધ્યમો દ્વારા છવાયા, અને તેના પોષ્ટમોર્ટમ પણ થયા. લોકોએ કેટલાક રાજકીય ક્ષેત્રના પરિવારોને રામમંદિરને લઈને પ્રત્યાઘાતો સાંભળ્યા, તો કેટલાક પરિવારો રાજનીતિની વાત કરતા સંભળાયા એ પછી કેટલાક લોકો એવું કહેતા પણ સંભળાયા કે, યે કયા હો રહા હૈ ?

એ બધી વાત જવા દઈએ... અત્યારે તો અયોધ્યામાં રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠાનો ભાવનાત્મક મુદ્દો દેશભરમાં છવાઈ ગયો છે એવું લાગે છે કે આખો દેશ રામમય બની ગયો છે. બીજી તરફ આ જ મુદ્દે થઈ રહેલી નિવેદનબાજી અને અભિપ્રાયો-મંતવ્યોની આંધી પણ ફુંકાઈ રહી છે. સ્પષ્ટ રીતે હવે કોઈપણ મુદ્દો રાજકીય બની રહ્યો છે, અને રાજનેતાઓ પણ લોકસભાની આવી રહેલી ચૂંટણીને લઈને જ પ્રત્યેક કદમ ઉઠાવી રહ્યા હોય તેમ જણાય છે, વિપક્ષી નેતાઓનો આક્ષેપ છે કે અધૂરા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરાવીને ભાજપ રાજનીતિ કરી રહ્યો છે. ભાજપ કહે છે કે અયોધ્યાના રામમંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા ભાજપ દ્વારા થઈ રહી નથી, પરંતુ રામજન્મભૂમિ મંદિર માટે સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ રચાયેલું ટ્રસ્ટ (સમિતિ) દ્વારા થઈ રહી છે, અને પૂરેપૂરા ધાર્મિક-આધ્યાત્મિક માપદંડોને અનુરૂપ થઈ રહી છે. પ્રાણપ્રતિષઠાનું મુહૂર્ત નક્કી કરવા કે તેની યોગ્યતા નક્કી કરવાના મુદ્દે વિપક્ષોના સર્ટિફિકેટની જરૂર નથી !

ગઈકાલે એક તરફ મણીપુરથી કોંગી નેતા રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા શરૂ કરી તો બીજી તરફ મહારાષ્ટ્રમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા મિલિંદ દેવરાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને શિવસેના (શિંદે) સાથે જોડાઈ ગયા. કોંગ્રેસે પ્રત્યાઘાત આપ્યો કે રાહુલ ગાંધીની ન્યાય યાત્રા સમયે જ મિલિંદ દેવરાએ રાજીનામું આપવાનું ટાઈમીંગ પણ ભાજપે જ નક્કી કર્યું હશે !

ગઈ કાલે મણીપુરથી નીકળેલી ભારત જોડો ન્યાયયાત્રા ૧૦૦ લોકસભા મતવિસ્તારો ૩૩૭ વિધાનસભા મતવિસ્તારો અને ૧૧૦ જિલ્લાઓમાંથી પસાર થઈને ૨૦મી માર્ચે મુંબઈમાં સંપન્ન થશે અને તે દરમિયાન ગુજરાતના ઘણાં જિલ્લાઓમાંથી પણ પસાર થવાની છે. આ ન્યાયયાત્રા એકજૂથ થયેલા વિપક્ષો માટે પ્રેરક બળ બનશે, તેવા તારણો નીકળી રહ્યા છે, વિપક્ષી નેતાઓનો એકજૂથ થઈને લડશે, તો લોકસભાની ચૂંટણી જીતવી એનડીએ માટે મુશ્કેલ બની શકે છે, તેવા દાવાઓ સાથે સાથે બાજપેયી સરકારના સાઈનીંગ ઈન્ડિયા અને ફિલગૂડ ફેકટરના દૃષ્ટાંતો અપાઈ રહ્યા છે.

મણીપુરથી યાત્રા શરૂ કરતી વખતે રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા તો સંદર્ભ આપતા કહ્યું હતું કે તેઓનો આ યાત્રાઓ ઉદ્દેશ જનતાના મનની વાત સાંભળવાનો છે, બાકી અમે આ યાત્રા દરમિયાન દરરોજ ત્રીસ-પાંત્રીસ મિનિટનું જ ભાષણ કરીએ, જ્યારે આખો દિવસ લોકોના મનની વાત જ સાંભળીએ છીએ.

આ યાત્રાને લીલીઝંડી આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે વડાપ્રધાન મોદી બધે ફરે, પરંતુ મણિપુર જતા નથી. તેમણે મુખમાં રામ અને બગલમાં છુરીનો કટાક્ષ કર્યો અને નહેરુથી કરીને ગાંધી પરિવારે મણીપુરને આપેલા મહત્ત્વની યાદ અપાવી હતી. અધીરંજન ચૌધરીએ કહ્યું કે આ યાત્રા એ વિચારધારાની લડાઈ છે, અને તેને કોઈ ચૂંટણીની હાર-જીત સાથે કોઈ સંબંધ નથી.

રાહુલ ગાંધીની આ યાત્રાને લઈને પ્રત્યાઘાતો પણ સામે આવી રહ્યા છે. યાત્રાના પ્રારંભે કોંગી નેતાઓના પ્રવચનો, તેના પ્રતિભાવો અને આરોપ-પ્રત્યારોપો દ્વારા નેતાઓના મનની વાત પણ પ્રગટ થઈ રહી છે અને લોકોની મૂળભૂત સમસ્યાઓ જેવી કી મોંઘવારી, બેરોજગારી, ગરીબી વગેરેનો ઉલ્લેખ પણ થઈ રહ્યો છે. આ સાથે જ લોકસભાની આગામી ચૂંટણી ઘણી જ રસાકસીપૂર્ણ બની શકે છે, કારણ કે 'ઈન્ડિયા' ગઠબંધનના કન્વીનર, વડાપ્રધાનપદનો ચહેરો અને સીટશેરીંગનો ચક્રવ્યૂહ ઝડપથી પાર પડી જાય તો એનડીએને હકીકતમાં લોકસભાની ચૂંટણી જીતવી ઘણી જ પડકારરૂપ બની શકે છે, તેનાથી વિપરીત જો આ ચક્રવ્યૂહમાં જ ઈન્ડિયા ગઠબંધન અટવાઈ જાય, તો સત્તામાં પૂનરાવર્તનનો જ વિકલ્પ મજબૂત રહી શકે છે. જુનાગઢમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તસિંહ ગોહિલે પણ તાજેતરમાં જ્યારે પદયાત્રા કરી હતી અને તે પછી સભા સંબોધીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતાં. આ પછી તેના રાજયવ્યાપી પ્રત્યાઘાતો પડ્યા હતાં. આ તમામ ઘટનાક્રમો અને 'મનની વાતો' પછી હવે 'જનતાના મનની વાત' વાસ્તવિક રીતે તો ચૂંટણીઓ દરમિયાન મતદાનના માધ્યમથી જ પ્રગટ થશે, અને ત્યારે આખી દુનિયા ચોંકી જશે, તેવી ભવિષ્યવાણીઓ પણ થઈ રહી છે.... જસ્ટ વેઈટ એન્ડ વોચ....

### ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદના ઠરાવ મુજબ

# ગ્રામીણ ગુજરાતના પ્રત્યેક ઘરોમાં ૨૨ જાન્યુ. ના સફાઈ અને દિપ પ્રાગટ્ય કરાશે

**ગામ અને ઘરોમાં સફાઈ, રંગોળી તેમજ દિપ પ્રાગટ્ય કરવામાં આવશે : પ્રમુખ જીલ્લા પંચાયત અમરેલી**

અમરેલી, ગુજરાતની તમામ ગ્રામ-તાલુકા પંચાયતના પદાધિકારી અને સદસ્યોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ગુજરાત તાલુકા અને જપરિષદ દ્વારા સર્વાનુમતે ઠરાવ કરી કાયયુઆરીએપત્યેકગામઅનેઘરોમાંસદેશપંચાત મજદીપપ્રાગટયકરવામાંઆવશે. આ ઉર્જાપ્રેરક ક્રાર્યક્રમમાંપ્રત્યેકગામમાંસ્વયંભુટીમબનારણોથી તયોજન થઈ રહેલ છે. આ આયોજનને ગ્રામીણ ગુજરાતના લોકોમાં ભારે ઉત્સાહ અને આવકાર મળીરહેલછે. આ વિવિધ કાર્યક્રમોનાંફોટા પ્રત્યેક જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત અથવા સીધા ગુજરાતપ્રદેશપંચાયતપરિષદનેમોકલીઆપવા અનુરોધકરાયેલછે. આ કાર્યક્રમનેસફળબનાવવા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના હોદેદારો પરેશકુમાર દેસાઈ પ્રમુખ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ (નવસારી), હસમુખભાઈ પટેલ ઉપપ્રમુખ, (આણંદ) શિલ્પાબેન પટેલ, ઉપપ્રમુખ (ગાંધીનગર), જીવાભાઈ આહીર ઉપપ્રમુખ (કચ્છ), હંસાબેન પારેઘી માનદ્ મંત્રી (મોરબી) ભરત ગાજીપરા માનદ્ મંત્રી (જુનાગઢ) મલકાબેન પટેલ ખજાનચી (છોટાઉદેપુર), ભરતભાઈ સુતરીયા આંતરિક ઓડીટર (અમરેલી) પરબતભાઈ પરમાર કન્વીનર (પોરબંદર- તથા નિર્મળાબેન ગાઈન સહ-કન્વીનર કામગીરી સુપરત કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશં પંચાયત પરિષદના ચાર ઝોનના કન્વીનરો દ્વારા ઝોન વાઈઝ પંચાયતોના પદાધિકારીશ્રીઓ સાથે સંકલન કરી આ કાર્યક્રમને સફળ બનાવવા કામગીરી સંસ્થા તરફથી સુપરત કરવામાં આવેલ છે તેમ ભરતભાઈ સુતરીયા પ્રમુખ શ્રી જીલ્લા પંચાયત અમરેલીની અખબારી યાદીમાં જણાવે છે.

## ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૭.૧.૨૦૨૪ બુધવાર ,સંવંત ૨૦૮૦, પોષ સુદ સાતમ, રેવતી નક્ષત્ર, શિવ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

## બાળક બુધ પર ચંદ્ર અને ગુરુ બંનેએ બ્રહ્માજી પાસે દાવો કર્યો!!

બાળકની કસ્ટડી લેવા માટે સામાન્ય જનથી લઈને દેશ વિદેશના સેલિબ્રેટીઓએ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. લિએન્ડર પેસથી લઈને સંજય દત્ત સુધીના હજારો લાખો લોકો સંતાન માટે કોર્ટે ચડ્યાના દાખલ છે. આ બાબત સમજવી હોય તો બ્રહ્માની કોર્ટમાં ચંદ્ર અને ગુરુનો કેસ સમજવો પડશે. ચંદ્રદેવે તેમના ગુરુ બૃહસ્પતિની પત્ની તારાનું અપહરણ કર્યું હતું. પછી તારા અને ચંદ્રના મિલનથી બુધનો જન્મ થયો. બુધ ખૂબ જ સુંદર અને તેજસ્વી હતો. ચંદ્રે તેને પોતાના પુત્ર તરીકે જાહેર કર્યો ગુરુ પણ બુધના તેજથી પ્રભાવિત થયા અને તેને પોતાના પુત્ર તરીકે



સ્વીકારવા તૈયાર થયા. જ્યારે ચંદ્ર અને ગુરુ વચ્ચે બુધ બાબતે વિવાદ વધી ગયો, ત્યારે બ્રહ્માજીએ પૂછ્યું, તો તારાએ તેમને કહ્યું કે બુધ ચંદ્ર ભગવાનનો પુત્ર છે. આ પછી ચંદ્રદેવે બાળકનું નામકરણ કર્યું અને તેનું નામ બુધ રાખવામાં આવ્યું. જયારે જન્મકુંડળીમાં બુધની સ્થિતિ ખરાબ બનતી હોય છે ત્યારે બાળકની કસ્ટડી મળતી નથી વૈવાહિક જીવન ખરાબ થવાના યોગ સાથે બુધ પણ બગડતો હોય તો લાંબી લડાઈ પછી પણ સંતાન મળતું નથી એવું મેં મારા કેઈસ સ્ટડીમાં હજારો વખત જોયું છે, જયારે કોર્ટ માં બાળક બાબતની લડાઈ થાય છે ત્યારે જન્મકુંડળીમાં બુધની ખરાબ સ્થિતિ જોવા મળે છે.

મેષ (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
વૃષભ (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
કર્ક (ડ,હ) : આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
સિંહ (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
તુલા (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.
વૃશ્ચિક (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો .
મકર (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.
કુંભ (ગ,સ,શ) : પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
મીન (દ,ચ,ઝ,થ): ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન .

# ધારીના દિતલા ગામે રેતી ભરવાની મજુરી કામે જવાની ના પાડતા યુવાન ઉપર હુમલો

**મારમારી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી ધમકી આપ્યાની ફરિયાદ**

અમરેલી,
ધારી તાલુકાના દિતલા ગામે પ્રાથમીક શાળાની બાજુમાં રહેતા અશ્વિનભાઈ મનસુખભાઈ પરમાર ઉ.વ.૩૫ને ચોથા બાપુના મંદિર પાસે મયુર અરજણભાઈ પરમાર, રવિ નાગજીભાઈ ગજેરા બાઈક લઈ આવી ગેરકાયદેસર રેતી ભરવાની મજુરીએ આવવાનું કહેતા ના પાડતા સારૂ નહી લાગતા રવિએ પકડી રાખી મયુરે મોઢા ઉપર લાફા મારી અશ્વિનભાઈ આરોપીઓની પકડ માંથી જેમતેમ કરીને ભાગીને પોતાના ઘરે આવતા રહેલ. ત્યારે આરોપીઓએ અશ્વિનભાઈના ઘરની ડેલી પાસે આવી પતી પત્નીને ગાળો આપી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી મુંઢ ઈજાઓ કરી ધમકી આપ્યાની ચલાલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

# અમરેલીમાંથી સગીરાનું અપહરણ કરી જનાર આરોપી ઝડપાઇ ગયો

**સીટી સર્વેલન્સ ટીમે આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડયો**



અમરેલી,અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક જે.પી.ભંડારી દ્વારા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પો.સ્ટે.ની સર્વેલન્સ ટીમ દ્વારા અમરેલી સીટી પો.સ્ટે. ઈ.પી.કો કલમ-૩૬૩, ૩૬૬ ,૩૭૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટ કલમ-૪,૬,૮,૧૦,૧૨, ૧૮ મુજબના ગુન્હાના કામના આરોપીસાગર મનસુખભાઈ વાઆ ઉ.વ.૨૬ સેન્ટિંગ કામ રહે. ગામ - જામ્બકપુર, પરાવિસ્તાર તા.ધારીને ભોગ બનનાર સાથે ચોક્કસ બાતમી આધારે આરોપીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરીમાં અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે.વાઘેલા તથા ASI રમેશભાઈ એન. માલકિયા, સંજયભાઈ ભિમાભાઈ મારૂ, ચેતનકુમાર કનૈયાલાલ મારૂ, વનરાજભાઈ વલકુભાઈ માંજરીયા દ્વારા ફરજ બજાવાઈ હતી.

# ખુનના ગુનામાં આરોપીને જુનાગઢથી પકડી પાડતી શાપર વેરાવળની પોલીસ

**ટેકનીકલ સોર્સના આધારે જુનાગઢથી ઝડપી લીધો**



જુનાગઢ,
શાપર વેરાવળ પોલીસ મથકના ખુનના ગુનામાં પ્રમેજી ગોવિંદભાઈ પરમાર ઉ.વ.૫૦ અનુજાતિ રહે. શાપર વેરાવળવાળાને સીસીટીવી તેમજ ટેકનીકલ સોર્સના આધારે જુનાગઢ ખાતેથી ઝડપી પાડયો હતો.

# જુનાગઢ જીલ્લામાં છેલ્લા આઠ વર્ષથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

**૮ વર્ષથી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લીધા**

જુનાગઢ, (હિતેશ પારેખ)
જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.જે. પટેલ, પી.એસ.આઈ જે.જે. ગઢવી ,ડી.કે. ઝાલાના માર્ગદર્શન હેઠળ તથા સીડીવીઝન પી.એસ.આઈ. આર.એન. ઓડેદરા તથા ક્રાઈમ બ્રાન્ચના એ.એસ.આઈ.પુંજાભાઈ ભારાઈ ,હે.કોન્સ. પ્રકાશભાઈ ડાભી , આઝાદસિંહ સીસોદીયા સહિતના સ્ટાફે ખુનના ગુનામાં નાસતા ફરતા આરોપી તથા સીડીવીઝન પોલિસ મથકના હથીયારના ગુનાઓમાં છેલ્લા ૮ વર્ષથી નાસતા ફરતા પંજાબના બબલુ રામલખનભાઈ ઝરોલીયા તથા ઉતરપ્રદેશના ટીકુ ઉર્ફે અજય રામલખન જરોલીયાને ઝડપી પાડયા હતા.

# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાંથી ખેતી બેંકના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી વી. એમ. ચૌધરી પીએચ.ડી. થયા



અમદાવાદ, (રાજેશ મહેતા)
ગૂજરાત વિદ્યાપીઠના વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન વિદ્યાશાખા - ગ્રામ વ્યવસ્થાપન વિભાગના ડો. મયૂરીબહેન ફાર્મરના માર્ગદર્શન હેઠળ ખેતી બેંક'ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરશ્રી વિ. એમ. ચૌધરીએ ગ્રામવ્યવસ્થાપન' વિષયમાં વિદ્યાવાચસ્પતિ (Ph.D) કક્ષાએ કૃષિ અને ગ્રામીણવિકાસ બેંક દ્વારા ગુજરાત રાજયમાં કરાયેલ ધિરાણોની અસરનું પૃથક્કરણ તથા કામગીરીનું મૂલ્યાંકન' વિશે શોધનિબંધ તૈયાર કરી રજૂ કરતાં ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તેને માન્યતા અપાઈ છે તેથી તેઓ પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરે છે. સૈનિક સ્કુલ, બાલાચડી (જામનગર)માંથી માધ્યમિક અભ્યાસ ક્રમ પૂર્ણ કરી ગુજરાત એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરમાંથી M.Sc.- Agriculture નો અભ્યાસ કરી નોકરી વ્યવસાયમાં જોડાયા. ખેતી બેંક' ખાતે ૧૯૯૮માં જુનિયર ઓફિસરથી કારકીર્દીનો પ્રારંભ કર્યો. સને ૨૦૨૨થી ખેતી બેંક'માં જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ, નવી દિલ્હીની ૨૫'મી ડિપ્લોમા બેચમાંથી સને ૨૦૨૧માં ડિપ્લોમા ઈન કો-ઓપરેટીવ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ' અભ્યાસક્રમમાં ઓલ ઈન્ડિયા ખાતે પ્રથમ રેંક સાથે ડિપ્લોમાની ડિગ્રી પ્રાપ્ત કરેલ. ડો. વિષ્ણુભાઈ મોતીભાઈ ચૌધરી દ્વારા તેમના પીએચ.ડી.ના સંશોધન નિબંધના અનુસંધાનમાં તૈયાર કરાયેલ ૧૫ (પંદર) રિસર્ચ પેપર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયા છે. આ ઉપરાંત ૬ (છ) કોન્ફરન્સમાં સહભાગી થઈ રિસર્ચ પેપરનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

# સાવરકુંડલામાં શ્રમીક યુવાનનું પડી જતા મોત

**પડી જતા માથામાં અને પગમાં વાગી જતા સારવાર દરમિયાન મોત**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
સાવરકુંડલા જેસર રોડ પાણીના ટાંકા પાસે મુળ એમપીના હાલ સાવરકુંડલા જેસર રોડ ઉપર રહેતા શ્રમીક જીતેન્દ્ર જામસિંહ અજનાર ઉ.વ.૨૨ તા.૨૯-૧૨ ના નવા પાણીના ટાંકાનું બાંધકામ ચાલુ હોય તે દરમિયાન કડીયા કામ કરતી વખતે તેમનો પગ લપસી જતા અંદરના ભાગે પડી જતા માંથામાં, હાથે અને પગમાં વાગી જતા ચાલુ સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યાનું પીયુષભાઈ ધનજીભાઈ પટેલે સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# વડીયાના દડવા રાંદલના ગામે હોર્ન વગાડવા પ્રશ્ને મારમારી ધમકી આપી

**વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ**

અમરેલી,
વડીયાના રાંદલના દડવા ગામે ફોરવ્હીલનું હોર્ન વાગાડી સાઈડ માંગતા કમલેશ ઉર્ફે કમાભાઈએ સાઈડ આપ્યા બાદ પણ રસિક પ્રગટ, સમજુ પ્રગટને મોટર સાયકલનો હોર્ન વગાડતા સારૂ નહીં લાગતા ગાળો દહીં ઢીકાપાટુ અને ચંપલ વડે માર મારી ધમકી આપ્યા ફરિયાદ કમલેશ ઉર્ફે કમાભાઈએ તેજ ગામના રસિક પ્રગટ, સમજુ પ્રગટ સામે વડીયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કરી. વડીયાના એએસઆઈશ્રી કલસરીયાએ તપાસ હાથ ધરી છે.

## મેઘા પીપળીયા સીમમાં બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
વડીયાના મેઘાપીપળીયા ગામની સીમમાં કનુભાઈ ડાંગરની વાડીએ મજુરી કામ કરતા એમપીના કીર્તાભાઈ રેજલાભાઈ મહેતાનું ડ્રીમ યુગા બાઈક એમપી.૪૬.એમપી.૩૮૦૫ રૂ.૪૫,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી ગયાની વડીયા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

# રાજુલામાં જુગાર રમતા 3 શખ્સો ઝડપાયા

**જુગારના પટ્ટમાંથી પોલીસે રોકડ રૂ.૧૪૮૦ કબ્જે કર્યા**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
રાજુલા બાવળીયા વાડીમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા નુરુ હસનભાઈ જાખરા, મુસ્તુફા સતારશાહ સોરઠીયા, હુસેન નનુભાઈ જાખરાને પો.કોન્સ.રવિરાજભાઈ વરૂએ રોકડ રૂ.૧૪૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# લાઠીના અડતાળામાં એમપીનો શ્રમીક ઈંગ્લીશ દારૂ સાથે ઝડપાયો

**પોલીસે ઈંગ્લીશ દારૂની ૧૦ બોટલ રૂ.૧૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો**

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
લાઠી તાલુકાના અડતાળા ગામે પ્રતાપવાળા મનુવાળાની વાડીએ કામ કરતા એમપીના શ્રમીક દિપસિંહ સુમલા પસાયાને ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ રૂ.૧૦૦૦ ના મુદામાલ સાથે પો.કોન્સ.રમેશભાઈ કોતરે ઝડપી પાડ્યો હતો.

# માવઠાથી ખેતીમાં થયેલ નુક્શાનીનો સર્વે કરાવી વળતર ચુકવવા માંગણી

**કૃષી મંત્રીને વળતર ચુકવવા ભાસ્કર પટેલની રજુઆત**



લીલીયા, (મહેશ દવે) સૌરાષ્ટ્ર ગુજરાત જેમાં અમરેલી જીલ્લો અને લીલીયા તાલુકામાં તા.૨૬-૧૧ ના થયેલ માવઠાના કારણે ખેડુતોને ખેતીમાં નુકશાન થયેલ છે. જેમાં લીલીયા તાલુકામાં વિષેશ નુકશાન થયેલ હોય જેથી સત્વરે સરકાર દ્વારા સર્વે કરાવી ખેડુતોને વળતર ચુકવવા લીલીયાના ભાસ્કરભાઈ પટેલ દ્વારા કૃષીમંત્રી રાઘવજીભાઈ પટેલને રજુઆત કરી છે ગત ચોમાસુ નબળુ થતા પાક નિષ્ફળ ગયેલ તેમજ અપુરતા વરસાદથી ઉત્પાદન પણ ઓછુ આવેલ અને ભાવ પણ પુરતા ન મળ્યા અને છેલ્લે માવઠાના વરસાદથી નુક્શાન થતા ખેડુતોને ઘણી નુક્શાની સહન કરવાનો વારો આવેલ.

# લીલીયામાં ઈ-ધરા કેન્દ્રમાં અવાર નવાર સર્વર ડાઉનની સમસ્યા

**અરજદારોને ગામડેથી આવતા ધરમ ધક્કા ખાવા પડે છે**

લીલીયા, (મહેશ દવે)
